ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ
ખાતે સબ સ્ટેશન રૂમ, સિક્યુરીટી કેબીન,
કલર કામ તેમજ ઇલેક્ટ્રિક કામગીરી માટેના
ખર્ચ બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૧૭-૬૪૩૦૩૫-(ન.બા.-૦૫)ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૧/૦૨/૨૦૨૨

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૧૬-૩૭૩૪૬-ગ, તા.૦૭/૦૭/૨૦૧૬

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૧૬-૫૭૨૦૭૮(ન.બા.-૨)-ગ, તા.૧૧/૦૪/૨૦૧૭

(3) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૬/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અ.જા.ક./મ-૪-૩૦૭-૨૦૨૧-૫૩૪૪

આ મુ ખ :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવથી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ માટે પ્રથમ ફેઝની કામગીરી માટે રૂ.૨૦૦.૦૦ લાખ તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ માટે બીજા ફેઝની કામગીરી માટે રૂ.૨૨૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક:(3) પરના તા.૨૬/૧૦/૨૦૨૧ના પત્રથી સબ સ્ટેશન રૂમ, સિક્યુરીટી કેબીન, કલર કામ અંગેની સિવિલ કામગીરી તથા ઇલેક્ટ્રિક કામગીરી માટે ઉક્ત કુલ રૂ.૪૨૦.૦૦ લાખની રકમ પૈકી બચત રહેલ રૂ.૧,૦૨,૨૯,૫૩૧/- માંથી રૂ.૭૮,૩૯,૩૦૦/-ના ખર્ચ માટેની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે સબ સ્ટેશન રૂમ, સિક્યુરીટી કેબીન, કલર કામ અંગેની સિવિલ કામગીરી તથા ઇલેક્ટ્રિક કામગીરી માટે વંચાણે

લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવ તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી કરેલ કુલ રૂ.૪૨૦.૦૦ લાખની જોગવાઈ પૈકી બચત રહેલ રૂ.૧.૦૨.૨૯.૫૩૧/- માંથી રૂ.૭૮.૩૯.૩૦૦/-ના ખર્ચ માટેની આથી વહીવટી મંજૂરી આપવા ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ અત્રેના વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Chirag
(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૨